# થાઈરોકેર, ઉજ્જિવનનો IPO આગામી સપ્તાહે ખૂલશે

**પીટીઆઇ**
**નવી દિલ્હી**

ડાયગ્નોસ્ટિક્સ કંપની થાયરોકેર ટેક્નોલોજી અને માઈક્રોફાઇનાન્સ કંપની ઉજ્જિવન ફાઇનાન્શિયલ સર્વિસિસ પ્રારંભિક પબ્લિક ઇશ્યૂ મારફત ભંડોળ એકત્ર કરવા આગામી સપ્તાહે મૂડીબજારમાં પ્રવેશ કરશે.

ઉજ્જિવન ફાઇનાન્શિયલનો આઇપીઓ ૨૮ એપ્રિલે ખૂલશે અને બે મેએ બંધ થશે. કંપનીના આઇપીઓમાં ₹૩૫૮ કરોડના નવા ઇક્વિટી શેરના વેચાણ અને ૨.૪૯ કરોડ ઇક્વિટી શેરની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. કંપનીએ બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે વિચારવિમર્શ કરીને ₹૨૯૨ કરોડના ઇક્વિટી શેરના પ્રિ-આઇપીઓ પ્લેસમેન્ટની પ્રક્રિયા ચાલુ કરી છે. કંપનીએ આઇપીઓના કદમાં પણ ઘટાડો કર્યો છે. આ ઉપરાંત થાઇરોકેરનો આઇપીઓ ૨૭ એપ્રિલે ખૂલશે અને ૨૯ એપ્રિલે બંધ થશે. કંપનીએ આઇપીઓ માટે શેર દીઠ ₹૪૨૦થી ૪૪૬ની પ્રાઇસ બેન્ડ નિર્ધારિત કરી છે. કંપની આઇપીઓ મારફત ₹૪૮૦ કરોડ એકત્ર કરવા માંગે છે.